# મોડાસામાં ગરમીનો પારો ૪૨.૫ ડીગ્રી



(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા, તા. ૨૧

સમગ્ર દેશમાં અને ગુજરાત રાજયમાં 'હોટ સીટી' તરીકે જાણીતા ઈડર શહેરને પણ ચાલુ સાલે અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરે ઉનાળાની ગરમીમાં માત આપી દીધી હોય અને જો હોટ સીટી તરીકે બંને શહેરો વચ્ચે હરીફાઈ થઈ રહી હોય તેમ આ વર્ષે ઉનાળાની સિઝનમાં મોડાસા શહેરનું તાપમાનમાં સતત નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે જયારે આજે મોડાસા શહેરનું તાપમાન ૪૨.૫ ડીગ્રીએ પહોંચી જતા નગરજનો તોબા પોકારી ઉઠયા હતા.

અરવલ્લી જિલ્લામાં ગરમીનો પારો સતત ઉંચો જોવા મળી રહ્યો છે. જિલ્લામાં વધી રહેલા તાપમાન પાછળનું કારણ ગ્લોબલ વોર્મિંગ કહો કે કુદરતનો કહેર પરંતુ હાલ તો જિલ્લાની પ્રજા રીતસર અગનભઠ્ઠીમાં પરિવર્તીત થઈ ગયેલ વાતાવરણમાં રીતસર શેકાઈ રહી છે. જેથી જિલ્લાભરના પ્રજાજનો સનસ્ટ્રોકનો ભોગ બની રહ્યા છે. તેમજ જિલ્લાભરમાં અબાલવૃધ્ધો અને બાળકોમાં ઝાડા ઉલટીના કેસોમાં એકાએક વધારો જોવા મળી રહ્યો છે.

દિવસભર સતત ગરમીનો પારો માથુ ઉંચકતો હોવાથી રાત્રી દરમિયાન પણ ગરમીનો ખતરનાક અનુભવ થઈ રહ્યો છે. તેમજ જયાં જયાં ઓછી વનરાજી હોય તેવા વિસ્તારોમાં દિવસ દરમિયાન લૂનો અનુભવ થઈ રહ્યો છે. ઘરવિહોણા અને મજૂરી કરી જીવન નિર્વાહ કરતા લાચાર પરીવારોની હાલત દયનીય બની ગઈ છે. અબોલ પશુ પંખીઓ પણ ગરમીથી ઝૂરતા નજરે પડે છે.

મોડાસા શહેરમાં આજે ગરમીનો પારો ૪૨.૫ ડીગ્રીએ પહોંચી જતા શહેરીજનો ત્રાહીમામ પોકારી ઉઠયા હતા. પરંતુ અત્યારના આધુનિક યુગમાં ઠંડક આપનારા વિજકરણો ઉપલબ્ધ હોવાથી ધનાઢય પરિવારના લોકોને ગરમીની અસર ઓછી જોવા મળી રહી છે. જયારે મોડાસા શહેરના માર્ગો પર તંબુ તાણીને પડાવ નાખનાર મજુરી કરનાર પરિવારોની હાલત કફોડી બની ગઈ છે. તેમના બાળકો આજુબાજુની દુકાનોની છત નીચે છાંયડાઓનો સહારો લઈ ગરમીથી બચવા માટે હવાતીયા મારતા નજરે પડતા હતા.

# પાલનપુરના અંબિકાનગરમાંથી શંકાસ્પદ ગૌમાંસનો જથ્થો ઝડપાયો

## દિલ્હીથી અમદાવાદ ગૌમાંસ જતુ હોવાની ગૌરક્ષકોને મળી હતી બાતમી

## પોલીસે મટન ભરેલા ટેમ્પા સાથે ચાલકની કરી અટકાયત

પાલનપુર, તા. ૨૧

પાલનપુર રેલવે સ્ટેશન ખાતેથી અમદાવાદ ગૌમાંસનો જથ્થો જઈ રહ્યો હોવાની બાતમી મળતા ગૌરક્ષકોએ વોચ ગોઠવી હતી. દરમિયાન, શહેરના અંબિકાનગર ખાતે ગૌમાંસ ભરેલા ટેમ્પોને ગૌરક્ષકોએ ઝડપી લીધો હતો. ગૌરક્ષકોએ ટેમ્પા પર ગુસ્સો ઠાલવી ગૌમાંસ સાથેના ટેમ્પાને પોલીસને હવાલે કર્યો હતો.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

દિલ્હીથી રેલવે મારફતે ગૌમાંસ આવી રહ્યું છે જે પાલનપુરથી વાહન માર્ગે અમદાવાદ જવાનું હોવાની બાતમી મળતા ગૌરક્ષકોએ વોચ ગોઠવી હતી. દરમિયાન પાલનપુર રેલવે સ્ટેશન ખાતેથી ગૌમાંસ ભરીને નીકળેલા ટેમ્પાનો પીછો કરતા ગૌરક્ષકોએ તેને અંબિકાનગર ખાતે ઝડપી લીધો હતો. દરમિયાન, રોષે ભરાયેલા ગૌરક્ષકોએ ટેમ્પાના કાચ ફોડી પોતાનો ગુસ્સો ઠાલવ્યો હતો. ઘટનાની જાણ થતા દોડી આવેલી પોલીસે ગૌમાંસ ભરેલા ટેમ્પા સાથે એક યુવકને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

જોકે, આ માંસનો જથ્થો દિલ્હી વાયા જયપુરથી પાલનપુર આવ્યો હતો. જ્યાંથી મોટર માર્ગે અમદાવાદ લી જવાતો હતો તેવું પોલીસના હાથે ઝડપાયેલા વાહનચાલક મહેબુબ સુલેમાન સુમરા રહે. જનતાનગર, પાલનપુરવાળાએ જણાવ્યું હતું.

જોકે, પોલીસે એફ.એસ.એલ.ને બોલાવી આ માંસનો જથ્થો ગૌમાંસનો છે કે કેમ ? તે દિશામાં તપાસની તજવીજ હાથ ધરી છે. દરમિયાન, હિન્દુતત્વવાદી ભાજપની સરકારમાં ગૌહત્યા અટકાવવાની ખોખલી ગુલબાંગો વચ્ચે આજે પણ ગૌમાંસની હેરાફેરી થતી હોવાની ઘટનાઓ પ્રકાશમાં આવતા ગૌરક્ષકો સહીત જીવદયાપ્રેમીઓએ ફીટકારની લાગણી વરસાવી હતી.

# પાલનપુર માર્કેટયાર્ડના હડતાલીયા શ્રમિકોએ અધિક કલેકટરને આવેદનપત્ર આપ્યું

## મંત્રણાઓ પડી ભાંગતા માર્કેટયાર્ડના શ્રમિકોની હડતાલ ચોથા દિવસમાં પ્રવેશી

પાલનપુર, તા. ૨૧

પાલનપુર માર્કેટયાર્ડમાં વેતન વધારાના મુદ્દે શ્રમિકોએ હડતાલનો માર્ગ અખત્યાર કર્યો છે. હડતાલના પગલે માર્કેટયાર્ડને અંદાજે રૂ. ૧ કરોડનું નુકસાન થવા પામ્યું છે. ત્યારે દરમિયાન, માર્કેટયાર્ડના સંચાલકો સાથેની વાટાઘાટો પડી ભાંગતા શ્રમિકો કલેક્ટર કચેરીએ દોડી આવ્યા હતા. જ્યાં તેઓએ અધિક કલેકટરને આવેદનપત્ર પાઠવ્યુ હતુ. જો કે, માર્કેટયાર્ડના ચેરમેન વિરજીભાઈ


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

હડતાલના આજે ચોથા દિવસે શ્રમિકોએ અધિક કલેકટરને આવેદનપત્ર પાઠવી ન્યાયની ગુહાર લગાવી હતી.

પાલનપુર માર્કેટયાર્ડમાં મજુરી કામ કરતા ૫૦૦થી વધુ શ્રમિકો ગત શનિવારથી અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરી ગયા છે. છેલ્લા છ વર્ષથી વેતન વધારો ન મળતા રોષે ભરાયેલા શ્રમિકોની હડતાલ આજે ચોથા દિવસમાં પ્રવેશી હતી. જુડાલે સત્વરે હડતાલ સમેટી જશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

દરમિયાન, શ્રમિકોની હડતાલને પગલે વેપારીઓ અને ખેડૂતોની હાલત કફોડી બની છે. માર્કેટયાર્ડને પણ અંદાજે રૂ. ૭૫ લાખનું નુકસાન થવા પામ્યું છે. ત્યારે હડતાલીયા શ્રમિકોએ પોતાની માંગણી નહી સંતોષાય તો વધુ જલદ આંદોલન છેડવાની ચિમકી ઉચ્ચારી છે.

# સુરતીકંપાના ખેતરમાં આગ ભભુકી ઉઠતા ઘાસચારો બળીને ખાખ


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા, તા. ૨૧

ખેડબ્રહ્માના સુરતીકંપા વિસ્તારમાં ગુરૂવાર સાંજના સમયે ખેતરમાં આગ લાગતા ખેડૂતના ઘરની પાછળ રાખવામાં આવેલો ઘાસચારો અને લાકડા બળીને ખાખ થઈ ગયા હતા.

સુરતી કંપાના રહીશ ખેમાભાઈ જેઠાભાઈ પ્રજાપતિના ઘરની પાછળ સફાઈકામ ચાલતુ હતુ. જેમાં એકઠો થયેલ કચરો જાહેરમાં બાળવામાં આવતા તેના તણખા પાસે પડેલ ઘાસચારાના ઢગલામાં પડ્યા હતા. આથી ક્ષણવારમાં જ આગ ભભુકી ઉઠતા નાસભાગ મચી જવા પામી હતી. આગની ઘટનાને સત્વરે નગરપાલિકાના ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા ફાયર બ્રિગેડની ટીમે આગ પર જોરદાર પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી.

# બોરિયા જગાપુર ગ્રુપ પંચાયતની પેટા ચુંટણી યોજાઈ

તાજપુર કેમ્પ, તા. ૨૨

બોરિયા-જગાપુર ગૃપ ગ્રામ પંચાયતની તાજેતરમાં પેટા ચૂંટણી યોજાઈ હતી. જેમાં રણુસિંહ ઝાલા સરપંચ તરીકે ચુંટાઈ આવ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બોરિયા-જગાપુર ગ્રામ પંચાયતના ચાલુ સરપંચનું અકસ્માતમાં મોત થયું હતું. આથી ખાલી પડેલ સરપંચની સીટ માટે પેટા ચુંટણી તાજેતરમાં યોજાઈ હતી જેમાં રણુસિંહ ગુલાબસિંહનો ભવ્ય વિજય થયો હતો. આથી ગ્રામજનો અને સ્નેહીજનોએ અભિનંદન પાઠવ્યા હતા.

# આદિજાતિ સલાહકાર પરિષદની પુનઃ રચના કરાઈ

ગાંધીનગર, તા. ૨૧

આદિજાતિ વિકાસ વિભાગના જાહેરનામા મુજબ રાજયમાં આદિજાતિ સલાહકાર પરિષદની પુનઃરચના કરાઈ છે. આ સલાહકાર પરિષદના ચેરમેન હોદ્દાની રૂએ રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ, વાઈસ ચેરમેન તરીકે આદિજાતિ વિકાસ મંત્રી શ્રી મંગુભાઈ પટેલ તથા કો-વાઈસ ચેરમેન તરીકે રાજ્યકક્ષાના આદિજાતિ વિકાસ મંત્રી શ્રી કાન્તીભાઈ ગામિત રહેશે.

વધુમાં આ આદિજાતિ સલાહકાર પરિષદના સભ્યો તરીકે ગુજરાત વિધાનસભામાં ચૂંટાયેલા ધારાસભ્યો હોય છે. જેમાં ધારાસભ્ય સર્વશ્રી કાન્તીભાઈ ખરાડી, અશ્વિનભાઈ કોટવાલ, ડૉ. અનિલભાઈ જોષીયારા, રમેશભાઈ કટારા, વજેસિંગભાઈ પણદા, ચંદ્રિકાબેન બારિયા, જયંતિભાઈ રાઠવા, શબ્દશરણ તડવી, મોતીલાલ વસાવા, મોહનભાઈ ઢોડીયા, મંગળભાઈ ગાવિત, રમણલાલ પાટકર, ગેંદાલભાઈ ડામોર, વિંછીયાભાઈ ભૂરિયા અને નિમિષાબહેન સુથાર સલાહકાર પરિષદમાં સભ્યો તરીકે રહેશે.

# આજથી કેન્દ્રની ભાજપ સરકારના એક વર્ષના શાસનની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૧

દેશભરમાં ભાજપ દ્વારા આજથી કેન્દ્રની ભાજપ સરકારના એક વર્ષના શાસનની ઉજવણી શરૂ થવા પામી છે તો તેની સામે કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શનના કાર્યક્રમો જાહેર કર્યા છે. કેન્દ્રની ભાજપ સરકારના શાસનને આજે એક વર્ષ પૂર્ણ થતાં એક વર્ષ દરમિયાન ભાજપ સરકાર દ્વારા કરવામાં આવેલ વિકાસ કામોને પ્રજા સમક્ષ મૂકવા અને એક વર્ષના શાસનની ઉજવણી ભાજપ દ્વારા કરવામાં આવનાર છે.

દેશમાં આજથી ઉજવણી શરુ કરવામાં આવી છે જેના ભાગરૂપે દિલ્હી સહીત રાજયના વિવિધ રાજયોમાં કેન્દ્રના મંત્રીઓ દ્વારા ૩૦ જેટલી પત્રકાર પરિષદો યોજીને ભાજપ સરકાર દ્વારા એક વર્ષના શાસન દરમિયાન કરેલા પ્રજા લક્ષી વિકાસ કામોને પ્રજા સમક્ષ મૂકવામાં આવશે.

કેન્દ્રની ભાજપ સરકારના એક વર્ષના શાસનની ઉજવણી માટે પ્રદેશ ભાજપ દ્વારા રાજયમાં વિવિધ કાર્યક્રમો ઘડી કાઢવામાં આવ્યા છે અને દરરોજ જિલ્લા તાલુકા મથકોએ વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવશે.

ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહ ગુજરાતના પ્રવાસે આવનાર છે. જયારે કેન્દ્રીય નાણામંત્રી અરૂણ જેટલી પણ અમદાવાદના પ્રવાસે આવી રહ્યા છે અને એક પત્રકાર પરિષદને સંબોધનાર છે.

# રાજ્યમાં એન્જિનિયરીંગની કોલેજમાં ૧૩૨૦ બેઠક વધી

અમદાવાદ, તા. ૨૧

ગત વર્ષે રાજયમાં એન્જિનિયરિંગ કોલેજોની કુલ ૯૦૦૦થી વધુ સીટો ખાલી પડી રહી હતી તેમ છતાં આ વર્ષે ડિગ્રી એન્જિનિયરિંગની ૧૩૨૦ સીટોનો વધારો કરવામાં આવ્યો છે જેના કારણએ ચાલુ વર્ષે એન્જિનિયરિંગની મોટી સંખ્યામાં બેઠકો ખાલી પડી રહે તેવી દહેશત વ્યક્ત કરવામાં આળી રહી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૫માં લેવાયેલી ધોરણ ૧૨ની પરીક્ષાનું પરિણામ ૨૫મી મેના રોજ જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે ત્યારે ડિગ્રી એન્જિનિયરિંગમાં અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે અમદાવાદ સહિત રાજ્યમાં નવી પાંચ કોલેજોને મંજુરી આપવામાં આવી છે.

એટલે કે એન્જિનિયરિંગ માટેની કુલ બેઠકોમાં ૧૩૨૦ સીટોનો વધારો થયો છે. એટલું જ નહીં નવી પાંચ કોલેજો ઉપરાંત જૂની કોલેજોમાં પણ બેઠકોમાં વધારો કરાયો છે જેના કારણએ હાલમાં આ વર્ષે રાજયમાં ડિગ્રી એન્જિનિયરિંગની કુલ સીટ ૭૧૬૦૦ થઈ છે. ગયા વર્ષે રાજ્યમાં ડિગ્રી એન્જિનિયરિંગ કુલ ૬૦૦૦૦ બેઠકો હતી જેમાં નવી કોલેજોને મંજુરી અને જુની કોલેજોની બેઠકોમાં વધારો કરાતા કુલ સીટોમાં એ ૧૩૨૦ સીટોનો વધારો કરાયો છે.

સાથે સાથે એડમિશન કમિટિ ફોર ટેકનિકલ કોર્સિસ દ્વારા આ વર્ષે વિદ્યાર્થીઓને પંજાબ નેશનલ બેંક મારફતે નાના નાના સેન્ટરો ઉપરથી પણ પ્રવેશ અંગેની બુકલેટ અને પીન કાર્ડનું વિતરણ શરૂ કરી દેવાયું છે. ધોરણ ૧૨ના પરિણામ જાહેર થવાના પૂર્વે એસીપીસી દ્વારા બુકલેટની સોફ્ટ કોપી એડમિશન કમિટિની વેબસાઈટ પર મુકી દેવામાં આવી છે.

# મહેસાણામાં શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનસત્રનું આયોજન

ગાંધીનગર, તા. ૨૧

મહેસાણા ખાતે સંત શિરોમણિ શ્રી પ.પૂ. ડોંગરેજી મહારાજની પચ્ચીસમી પૂણ્યતિથિ નિમિત્તે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનસત્ર યોજવામાં આવશે. આગામી તા. ૨૫મીથી કમળાબા હોલ, સાર્વજનિક વિદ્યાસંકુલ ખાતે પ્રો. ડૉ. ગૌરાંગ ત્રિવેદીના શ્રી મુખે શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનસત્ર યોજાશે. મુખ્ય મહેમાન પદે મંગળાબેન બારોટ, મહેસાણા ઉપસ્થિત રહેશે. કથાની પોથીયાત્રા મંગળાબેન બારોટના મહેસાણા સ્થિત નિવાસસ્થાનેથી બપોરે ૧૨.૩૯ કલાકે નિકળશે. કથા દરમિયાન નૃસિંહ અવતાર, વામન અવતાર, કૃષ્ણ જન્મોત્સવ અને રૂક્ષ્મણી વિવાહ પ્રસંગો યોજાશે. આ પ્રસંગે પ.પૂ. સંતશ્રી નારાયણદાસજી મહારાજ, પ.પૂ. સંતશ્રી લાલજી મહારાજ, પ.પૂ. શાસ્ત્રી દયારામદાસજી મહારાજ, જગદીશભાઈ પ્રજાપતિ, કાન્તીલાલ રાવળ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

# ભાજપ અધ્યક્ષના ઘર સામે કોંગ્રેસના કાર્યકરો ધરણા કરી વચનોની યાદ અપાવશે

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત કોંગ્રેસ દ્વારા કેન્દ્રની ભાજપ સરકાર સામે વિરોધ પ્રદર્શનના કાર્યક્રમો આપવામાં આવ્યા છે અને સાંસદોને એક પત્ર આપી પ્રજાને આપેલા વચનોની યાદ અપાવવામાં આવનાર છે.

કેન્દ્રની ભાજપ સરકારના શાસનને એક વર્ષ પૂર્ણ થતાં ભાજપ દ્વારા તેની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે તેની સામે ગુજરાત કોંગ્રેસ દ્વારા વિરોધ પ્રદર્શન કરવાના કાર્યક્રમો આપવામાં આવ્યા છે.

કોંગ્રેસના કાર્યકરો ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહના અમદાવાદ ખાતે આવેલ નિવાસસ્થાન ખાતે ધરણા કરીને એક આવેદનપત્ર આપીને પ્રજાને આપેલા વચનોની યાદ અપાવવામાં આવશે.

## જાહેર નિવિદા

વર્ષ - ૨૦૧૫-૧૬

ઈ-ટેન્ડર નોટીસ નંબર - ૩૭-૨૦૧૫

**ગાંધીનગર મહાનગરપાલિકા**

બહુમાળી ભવન, બી-બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા કચેરી માટે નીચે દર્શાવ્યા મુજબના કામ માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરમાં ભાવો મંગાવવામાં આવે છે.

| અ. નં. | કામનું નામ | ટેન્ડર ફી રકમ | ઈએમડીની રકમ |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર મહાનગરપાલિકા કચેરી મિલ્કત વેરાના બીલો ૧૫x૧૨ ઈંચની સાઈઝની કન્ટીન્યુ સ્ટેશનરી ૬૦ ગ્રામ કાગળ ૧ પાર્ટ પાછળ પ્રિન્ટીંગ આગળ બે કલર પ્રિન્ટીંગ પાછળ એક કલર પ્રિન્ટીંગ કરી કચેરી દ્વારા જણાવવામાં આવે તે જગ્યાએ પુરા પાડવાનું કામ. | ૨૫૦/- | ૧૫૦૦/- |
| ૨. | ૧૫x૧૨ની સાઈઝના બિલ ઉપર કોમ્પ્યુટરાઈઝ પ્રિન્ટ બ્લેક કલરમાં પ્રિન્ટીંગ કરી કચેરી દ્વારા જણાવવામાં આવે તે જગ્યાએ પુરા પાડવા અંગેનું કામ. | | |

ટેન્ડર ફોર્મ તા. ૨૧-૫-૨૦૧૫ થી તા. ૩૦-૫-૨૦૧૫ સુધી સમય ૧૮-૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે. તથા ગાંધીનગર મહાનગરપાલિકાની વેબસાઈટ mgc-egovern.org.in ઉપર જોઈ શકાશે. ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના કોઈપણ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોરમેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે.


ટેન્ડર માટે ટેન્ડર ફીની રકમ તથા બાનાની રકમ (ઈએમડી)ની ડીમાન્ડ ડ્રાફ્ટ તા. ૩૦-૫-૨૦૧૫ સમય : ૧૫-૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મળેલ હશે તેની જ ઓફરો ખોલવામાં આવશે.

ઓન લાઈન ઓપનીંગ તા. ૧-૬-૨૦૧૫ના રોજ ૧૨-૦૦ કલાકે કરવામાં આવશે.

સ્થળ : ગાંધીનગર
તા. ૨૦/૫/૨૦૧૫
માહિતી/૪૧૭/૨૦૧૫-૧૬

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર મહાનગરપાલિકા

## શબ્દાવલી - ૫૭૩૭



### આડી ચાવી

૧. ધુત્કારવું, માનહાનિ (૪)
૫. જામ, શરાબની પ્યાલી (૩)
૭. લાખોપતિ, ખુબ સંપત્તિવાળો (૪)
૮. વિધવાનું હિન્દી (૨)
૯. જવાબદારી લેવી, સાહસ (૩)
૧૧. શરમ, ઘુંઘટ (૨)
૧૨. બગીચો, ઘુંઘટ (૨)
૧૩. એક ધાતુ, અભ્રક (૪)
૧૫. પુરુષોમાં અધમ (૪)
૧૮. જવું તે (૨)
૧૯. તિરસ્કાર (૩)
૨૦. તકનો સમુહ તકો, લાગ (૨)
૨૧. નશીબ, ભાગ્ય (૪)

### ઊભી ચાવી

૧. અલ્લડ કે અલબેલાપણું (૬)
૨. નરસિંહ મહેતાની દોલત (૪)
૩. પ્રમાણ (લંબાઇ-પહોળાઇ વગેરે) (૨)
૪. પરિણામ, ફળ (૩)
૫. સંદેશો (૩)
૬. બે કે વધારે રંગની સુતરની દોરી (૪)
૧૦. ગોબરુ, ગંદુ (૩)
૧૨. બંધ કરવું (બારણું) (૩)
૧૩. અમૃત, અમર રહે તેવો રસ (૪)
૧૪. મંજુરી (હિન્દીમાં) (૪)
૧૬. રાધા (૩)
૧૭. આંટાફેરા, ફેરા (૨)

### શબ્દાવલી ૫૭૩૬ના જવાબ

**આડી ચાવી :-** (૧) બિલોરીકાચ (૪) ચોર (૬) ક્ષાર (૭) કાપડ (૮) રીલ (૧૦) લપડાક (૧૧) ફકરાઇ (૧૪) તાડપત્રી (૧૫) દાવ (૧૬) લફરા (૧૭) સવા (૧૯) મેફ (૨૦) જોબનવંતી (૨૧) લડવૈયો

**ઊભી ચાવી :-** (૧) બિમારી (૨) રીક્ષા (૩) કાર (૪) ચોપડા (૫) રડકણું (૭) કાપ (૯) લફડફફડ (૧૦) લઇ (૧૨) કપરા (૧૩) રાત્રી (૧૪) તાલમેલ (૧૫) દાવાનળ (૧૭) સબ (૧૮) કાતીલ (૨૦) જોયો

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ




શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.